# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૦૯



મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્‌ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે અવિનાશી આત્માને શરીરથી ભિન્ન જાણતો નથી તે ઘોર તપશ્ચરણ કરવા છતાં મોક્ષ પ્રાપ્ત કરતો નથી. ૧૧૧૬ *(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૩૩)*

● ....જે જીવ ભોગોમાં મગ્ન રહે છે તે મિથ્યાત્વી છે અને જે ભોગોથી વિરક્ત છે તે સમ્યગ્દૃષ્ટિ છે. એમ જાણીને ભોગોથી વિરક્ત થઈને મોક્ષનું સાધન કરો! જો મન પવિત્ર હોય તો કથરોટના પાણીમાં નાહવું તે જ ગંગાસ્નાન છે અને મન મિથ્યાત્વ, વિષય-કષાય આદિથી મલિન છે તો ગંગા આદિ કરોડો તીર્થોના સ્નાનથી પણ આત્મામાં પવિત્રતા આવતી નથી. ૧૧૧૭. *(શ્રી બનારસીદાસજી, નાટક-સમયસાર, બંધદ્વાર, પદ-૧૨)*

● વચનકી શુદ્ધિ સત્ય બોલનેસે હૈ, મનકી શુદ્ધિ તત્ત્વજ્ઞાનસે હૈ, કાયકી શુદ્ધિ ગુરુકી સેવામેં હૈ. યહ અનાદિકાલકી સનાતન શુદ્ધિ હૈ. ૧૧૧૮.

*(શ્રી કુલધરઆચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૩૧૭)*

● જિનકી ભૌહકે કટાક્ષોંકે પ્રારંભમાત્રસે બ્રહ્મલોક પર્યંતકા યહ જગત ભયભીત હો જાતા હૈ તથા જિનકે ચરણોંકે ગુરુભારકે કારણ પૃથ્વીકે દબનેમાત્રસે પર્વત તત્કાલ ખંડ ખંડ હો જાતે હૈં ઐસે ઐસે સુભટોંકો ભી, જિનકી કિ અબ કહાની માત્ર હી સુનનેમેં આતી હૈં, ઈસ કાલને ખા લિયા હૈ. ફિર યહ હીનબુદ્ધિ જીવ અપને જીનેકી બડી ભારી આશા રખતા હૈ, કૈસી બડી ભૂલ હૈ! ૧૧૧૯.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, અશરણ ભાવના, સર્ગ-૨, શ્લોક-૧૫)*

● જીવ અનાદિનો અવિદ્યામાં ખૂંતી રહ્યો છે. મોહની અત્યંત નિબિડ ગાંઠ પડી છે માટે સ્વપદની ભૂલ થઈ છે. ભેદજ્ઞાન અમૃતરસ પીએ ત્યારે અનંતગુણધામ-અભિરામની અનંતશક્તિનો અનંત મહિમા પ્રગટ કરે-એ આ બધાય કથનનું મૂળ છે. ૧૧૨૦.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૨)*

● મંદકષાયરૂપ પરિણમેલો જીવ પુણ્યને બાંધે છે, માટે પુણ્યબંધનું કારણ મંદકષાય છે, પણ વાંછા પુણ્યબંધનું કારણ નથી. પુણ્યબંધ મંદકષાયથી થાય છે અને તેની વાંછા તે તો તીવ્રકષાય છે, માટે વાંછા કરવી નહીં. નિર્વાંછક પુરુષને પુણ્યબંધ થાય છે. લૌકિકમાં પણ કહે છે કે જે ચાહના કરે તેને કાંઈ મળતું નથી અને ચાહ વિનાનાને ઘણું મળે છે, માટે વાંછાનો તો નિષેધ જ છે. ૧૧૨૧. *(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૧૨)*

વર્ષ-૩
અંક-૧૨

સંવત
૨૦૬૫
August
A.D. 2009




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સ્વભાવની મુખ્યતાથી જ સાધ્યની સિદ્ધિ થાય છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સળંગ પ્રવચન નં. ૧૪૮

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦૭મી ગાથા ચાલુ છે.

શિષ્યે પ્રશ્ન કર્યો છે કે તમે પણ જીવોને પરમબ્રહ્મ માનો છો તથા પરમવિષ્ણુ, પરમશિવ પણ માનો છો તો અન્યમતવાળાઓને કેમ દૂષણ આપો છો?

સમાધાન કરતાં ગુરુ કહે છે કે અમે તો પૂર્વોક્ત નયવિભાગથી કેવળજ્ઞાનાદિ ગુણની અપેક્ષા વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગથી જીવોને પરમબ્રહ્મ માનીએ છીએ તેથી દૂષણ નથી. વસ્તુ તરીકે દરેક આત્મા પરમબ્રહ્મ, પૂર્ણાનંદ, શુદ્ધ સામાન્ય, અખંડ આનંદ, અખંડ શાંતિ, અખંડ જ્ઞાન, અખંડ વીર્ય આદિથી પૂર્ણ ભરેલા સ્વભાવવાળા છે અને અમે અમારાં આત્માને પૂર્ણ સ્વભાવની દૃષ્ટિએ નક્કી કર્યો છે અને સર્વજ્ઞ ભગવાને દરેકને દ્રવ્ય-ગુણે પૂર્ણ જાણ્યા છે-એ રીતે અમે જીવોને પરમબ્રહ્મ માનીએ છીએ.

અહીં કેવળજ્ઞાન કહેતાં પર્યાયની વાત નથી પણ ત્રિકાળ જ્ઞાન ગુણ, ત્રિકાળ આનંદ ગુણ, ત્રિકાળ પ્રભુતા ગુણ, ત્રિકાળ દર્શન ગુણ આદિ ત્રિકાળી ગુણોની અપેક્ષાએ આત્મા પરમાત્મસ્વરૂપ છે. દરેક જીવમાં ફેર છે. વર્તમાન પર્યાય તો કર્મને આધીન થઈ રહી છે પણ તે તો વ્યવહારનયનો વિષય છે.

વીતરાગ-રાગરહિત જે સર્વજ્ઞ ભગવાન થઈ ગયા તેમણે પ્રણીત કરેલાં માર્ગથી

એટલે તેમની દિવ્યધ્વનિમાં જે માર્ગ કહ્યો છે તે માર્ગથી અમે જીવોને આવા પરમબ્રહ્મ આદિ સ્વરૂપ માનીએ છીએ. વર્તમાન જે પર્યાય કર્માધીન છે તેને ગૌણ કરીને લક્ષમાંથી છોડીને 'હું તો પૂર્ણ શુદ્ધ પરમબ્રહ્મ છું અને બધા જીવો મારાં જેવા પૂર્ણસ્વભાવે છે'–એમ અમે સર્વજ્ઞ ભગવાનની વાણીથી અને વાણી દ્વારા જાણેલાં ભાવને અનુસારે માનીએ છીએ.

એક સેકંડનો અસંખ્યમો ભાગ એટલે એક 'સમય'. એક સમયમાં આત્મદ્રવ્યના બે ભાગ છે. એક તો 'વર્તમાન પર્યાય' કે જેમાં અલ્પજ્ઞતા અને રાગ-દ્વેષ છે અને એક આખો પૂરણ દ્રવ્યસ્વભાવ કે જે ધ્રુવ છે, અનંત જ્ઞાન-દર્શન-આનંદથી ભરેલો છે. આ સંસારી જીવની વાત છે. સિદ્ધજીવ તો દ્રવ્યે અને પર્યાયે બંને અપેક્ષાએ પૂર્ણ શુદ્ધ પરમબ્રહ્મસ્વરૂપ છે. પણ, અહીં તો સંસારી જીવની પણ પર્યાયને ગૌણ કરીને દ્રવ્યસ્વભાવે દરેક જીવ પરમબ્રહ્મસ્વરૂપ છે એમ સિદ્ધ કર્યું છે. ભલે સિદ્ધને પૂર્ણદશા પ્રગટ થઈ છે અને નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગ જેટલું અલ્પજ્ઞાન છે. તેનાથી વધીને ત્રસપર્યાયમાં કોઈને મતિ-શ્રુત બે જ્ઞાન તો કોઈને ત્રણ જ્ઞાન અને કોઈને ચાર જ્ઞાનની પ્રગટતા છે, પણ તે વર્તમાનપૂરતી અવસ્થા છે.

હવે, અહીં તે પ્રગટ અવસ્થાનું લક્ષ છોડાવે છે કે વર્તમાન અવસ્થાનું જ્ઞાન તો કરવું પણ તેનું લક્ષ છોડીને કાયમી એકરૂપ પૂર્ણસ્વભાવ છે તેનું લક્ષ કરતાં તે પરમબ્રહ્મ અને પરમાનંદસ્વરૂપ છે એમ અમે સ્વીકારીએ છીએ અને સર્વજ્ઞ પરમાત્માએ પોતાની પૂર્ણ ખીલેલી પર્યાયમાં બધા જીવોને આવા પૂર્ણસ્વરૂપ જોયા છે.

સિદ્ધો અનંત છે પણ સંસારી કરતાં બહુ જ ઓછાં છે કેમ કે સિદ્ધ કરતાં અનંત-અનંતગુણા તો નિગોદના જીવો છે તે બધા જીવો પર્યાયે અશુદ્ધ છે–પર્યાયમાં મલિન છે પણ વસ્તુ તરીકે એ પણ ત્રિકાળ શુદ્ધ નિર્મળાનંદ છે. માટે, દ્રવ્યાર્થિકનયથી જોતાં નિગોદના જીવ હો કે સિદ્ધના જીવો હો બધા પરમબ્રહ્મ પૂર્ણાનંદસ્વરૂપ છે એમ અમે માનીએ છીએ; પણ, અન્યમતવાળાઓ આ રીતે જીવને પરમબ્રહ્મ માનતાં નથી. તે તો કોઈ એક પુરુષને જગતના કર્તા-હર્તા માને છે અને તેને પરમબ્રહ્મ તરીકે ઓળખે છે.

હવે, તેને દૂષણ આપવા પાછળ ન્યાય આપે છે કે જો કોઈ એક પુરુષ શુદ્ધ, બુદ્ધ, નિત્ય, મુક્ત છે તો તેને જગતના કર્તા-હર્તાપણું ન હોઈ શકે કેમ કે જે શુદ્ધ-બુદ્ધ છે તે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રિકાળને જાણી તો શકે છે પણ ભૂતકાળમાં કર્તા-હર્તા હતા અને વર્તમાન અને ભવિષ્યમાં જાણનાર રહ્યો એમ ન બની શકે. જે જાણનાર છે તે ત્રિકાળ 'જાણનાર' જ હોય.

'સર્વજ્ઞ' કોને કહેવાય?-કે જે સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વભાવને એક સમયમાં જાણે છે તે સર્વજ્ઞ છે; તો તે સર્વકાળનો જાણનાર હોવાથી ભૂતકાળને પણ જાણે. જો ભૂતકાળનો કર્તા થવા જાય તો તે ત્રિકાળ જાણનાર રહેતો નથી. ભૂતકાળમાં જે ન હતું તેને તેણે કર્યું કે હતું તેને જાણ્યું? જો ચીજ હોય તો જાણે, પણ ન હોય તો તેને કરવું અને જાણવું બે કામ કેમ બને?

આ તો વસ્તુસ્વરૂપ છે કે જે જાણનાર છે તે બીજી ચીજનો કર્તા બની શકતો નથી, તેમ જ હરનાર પણ બની શકતો નથી. માટે, અન્યમતી પરમબ્રહ્મને જાણનાર કહે છે અને વળી કર્તા-હર્તા પણ કહે છે તે સિદ્ધ થતું નથી. અહીં તો વસ્તુને ન્યાયથી સિદ્ધ કરવામાં આવે છે.

'સર્વજ્ઞ' એટલે 'સર્વ+જ્ઞ'. સર્વના જ્ઞાતા છે તે સર્વજ્ઞ છે. ત્યાં ભૂતકાળના કર્તા એમ ક્યાંથી આવે? અને ભવિષ્યમાં જે કાર્ય થશે ત્યારે જાણશે એમ હોય તો પણ તે સર્વજ્ઞ નથી રહેતા. આ તો મુદ્દાની રકમની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યસૂર્ય છે. શરીર તો જડ છે, કર્મ પણ જડ છે અને શુભાશુભ ભાવ થાય છે તે પણ વિકાર છે-મેલ છે, તેની પાછળ રહેલો આત્મા વસ્તુ તરીકે પૂર્ણ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ અસ્તિત્વ આદિ પૂર્ણ-પૂર્ણ ગુણોથી ભરેલો સામાન્ય અભેદ એકરૂપ છે; તે દૃષ્ટિએ આત્માને પૂર્ણ બ્રહ્મ કહીએ છીએ. તે રીતે બીજાં મતવાળા માનતાં નથી.

વળી, અન્યમતના કહેવા પ્રમાણે જો તેને ઇચ્છા છે તો ઇચ્છા તો મોહની પ્રકૃતિ છે. માટે મોહસહિત જીવ શુદ્ધ-બુદ્ધ ન હોઈ શકે. ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવ એક સમયમાં રાગ-દ્વેષ-મોહથી રહતિપણે સર્વને જાણે છે. તેમને ઇચ્છા નથી. ઇચ્છા હોય ત્યાં વીતરાગ ન હોય અને વીતરાગ હોય ત્યાં ઇચ્છા ન હોય. ભગવાનને વાણી છૂટે છે તે પણ ઇચ્છા વિના છૂટે છે.

પહેલાં અરિહંતનું સ્વરૂપ ઓળખવું પડશે. નમો અરિહંતાણંના પાઠ બોલી જવાથી અરિહંત ઓળખાઈ જતાં નથી. જે આત્માએ અજ્ઞાન અને રાગ-દ્વેષનો વ્યય કરીને સર્વજ્ઞવીતરાગદશા પ્રગટ કરી છે તે અરિહંત ભગવાન છે. જ્યારે ભગવાને અજ્ઞાન અને રાગ-દ્વેષને હણ્યાં ત્યારે સાથે રહેલાં કર્મોની સ્વયમેવ અકર્મદશા થઈ જાય છે તેથી ભગવાને ઘાતિકર્મોને હણ્યાં એમ કહેવાય છે, પણ ખરેખર ભગવાન જડકર્મોને હણતાં નથી. વિકારને કરવો અને વિકારને હણવો એટલો તો આત્માનો અધિકાર છે પણ કર્મને કરવા કે હણવાનું કાર્ય આત્માના અધિકારમાં નથી.

પોતાની પર્યાયમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ હતાં તેને પરિપૂર્ણ સ્વભાવના આશ્રયે પ્રથમ તો અજ્ઞાનનો નાશ કર્યો, પછી પરિપૂર્ણ સ્વભાવમાં સ્થિરતાના આશ્રયે અસ્થિરતાનો નાશ કર્યો. તેથી ભગવાનને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગદશા પ્રગટ થઈ. એ ભગવાન કોઈ અન્ય પદાર્થના કર્તા કે હર્તા નથી.

જયસેન આચાર્યની સંસ્કૃત ટીકામાં આવે છે કે એક ભાવને યથાર્થપણે જાણે તો તેમાં સર્વભાવ જણાય જાય છે. ભગવાનને સર્વજ્ઞ અને વીતરાગ માનવા તે પ્રત્યક્ષ સમ્યક્-સિદ્ધ વાત છે અને ભગવાનને કર્તા-હર્તા માનવા એ પ્રત્યક્ષ વિરુદ્ધ વાત છે. ભગવાન કે છદ્મસ્થ કોઈ પરને કાંઈ કરી શકતા નથી.

ભાઈ! તારી સત્તામાં તું સવળું કે ઉલટું કાર્ય કરી શકે પણ પરની સત્તાની દશામાં તું કાંઈ કરી શકતો હો તો અનંત પરપદાર્થ છે તેની સત્તા ખલાસ થઈ જશે. દુકાનની વ્યવસ્થા કરવાનું કાર્ય આત્માનું નથી. દુકાનમાં બેઠો બેઠો રાગ કરે, ભ્રમણા કરે, બાકી જડની વ્યવસ્થા તો જડથી થાય છે. ત્યાં જીવનું ડહાપણ ચાલતું નથી કેમ કે જીવની બુદ્ધિ જીવમાં રહી જાય છે. દુકાનમાં રહેલાં સોના-ચાંદી આદિ પદાર્થોનું ગમન-આગમન જીવની સત્તાથી થતું નથી. ફક્ત અજ્ઞાનના કારણે એને ભ્રમણા થાય છે કે હું દુકાનમાં બેઠો છું તેથી બધી વ્યવસ્થા બરાબર થઈ રહી છે, છોકરો બેઠો હોત તો આટલી વ્યવસ્થા ન થાત! આમ માને તો માનો પણ વસ્તુ એના માનવા પ્રમાણે પરિણમતી નથી.

વસ્તુ જેમ છે તેમ સર્વજ્ઞ ભગવાન એક સમયમાં જાણે છે અને જેવું જાણે છે તેવું વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એક સમયમાં પદાર્થને જેવા સ્વરૂપે જોયાં છે તેવા સ્વરૂપે વાણીમાં કહ્યાં છે અને વસ્તુ એવી છે. વાણીની પર્યાયના પણ ભગવાન કર્તા નથી માટે 'અમે જગતને સમજાવીએ છીએ–એવા મોહમાં અરે જીવો! તમે ન નાચો.'

અમે જગતને સમજાવીએ છીએ એમ તો નહીં પણ ભાષા પણ સામા જીવને સમજાવી શકતી નથી. વાણીના કાળે વાણી નીકળે છે ત્યારે સમજનારા જીવની યોગ્યતા હોય તો વાણીને નિમિત્ત કહેવાય છે.

જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાય.

આત્માના પૂર્ણ શુદ્ધ ધ્રુવ સામાન્યસ્વરૂપનું લક્ષ કરાવવા માટે ભગવાનની વાણી છે.

માટે, જે લક્ષ કરે તેને ભગવાનની વાણી નિમિત્ત કહેવાય. ભગવાનની વાણી તો અનંતવાર સાંભળી છે પણ લક્ષ ન કર્યું તો શા કામનું? ભગવાનની વાણી સાંભળીને ગણધરદેવ ચાર જ્ઞાનને પામે છે તો કોઈ દ્રવ્યલિંગી સાધુ થઈને બેઠા હોય છતાં સમ્યગ્દર્શન પણ ન પામે તો તેમાં વાણી શું કરે? જ્ઞાન પામવું કે ન પામવું એ પોતાના કારણે છે.

અહીં કહે છે કે અમે જે સર્વજ્ઞ સ્વભાવને પરમબ્રહ્મ કહીએ છીએ તેવી જીવરાશિથી આખો લોક ભરેલો છે. વસ્તુ તરીકે આત્મામાં પૂર્ણ જ્ઞાનસ્વભાવી, પૂર્ણ દર્શનસ્વભાવી, પૂર્ણ શાંતસ્વભાવી, પૂર્ણ સ્વચ્છત્વસ્વભાવી—એવા અનંત ગુણસ્વભાવથી ભરેલાં અનંત આત્માઓ છે; તે આત્માને અમે પરમબ્રહ્મ તરીકે સ્વીકારીએ છીએ. પર્યાયમાં તો પ્રગટ થાય ત્યારે સર્વજ્ઞભગવાન કહેવાય પણ વસ્તુ તરીકે આ રીતે બધા આત્મા પરમબ્રહ્મ છે.

આમાં કાંઈ યાદ રાખવું પડે તેમ નથી. દુકાનમાં તો હજારો ચીજ હોય તે ક્યાં ભાવે આવી, ક્યા ભાવે વેચવી, બજારમાં શું ભાવ ચાલે છે એ બધુ યાદ રાખે છે કે નહિ?

શ્રોતા :—એમાં યાદ ન રાખે તો નુકશાન જાય....

પૂજ્ય ગુરુદેવશ્રી :—ત્યાં તો નુકશાન જાય કે ન જાય તે જીવને આધીન નથી. એ માને છે કે હું ધ્યાન નહીં રાખું તો નુકશાન જશે. નુકશાન થવાનું હશે તો થયા વિના રહેશે નહીં કેમ કે એ તારે આધીન નથી.

અહીં તો કહે છે કે અમારી પર્યાયમાં અલ્પજ્ઞતા છે તે અમારાં ખ્યાલમાં છે, બીજાં જીવોની અલ્પજ્ઞતાનો પણ ખ્યાલ છે; પણ વસ્તુ તરીકે આખી જીવરાશિ પરમબ્રહ્મસ્વરૂપથી ભરેલી છે-એમ અમે માનીએ છીએ. જ્યારે અન્યમતી એમ માને છે કે 'એક જ બ્રહ્મ અનંતરૂપમાં વ્યાપી રહ્યો છે'—તો એમ અમે માનતાં નથી. અમે તો એક એક આત્માને પૂરણબ્રહ્મ કહીએ છીએ. અન્યમતી તો અનંત આત્મા મળીને એક બ્રહ્મ છે એમ કહે છે.

અહાહા! આત્મા 'જ્ઞ'સ્વભાવી છે એટલે 'જ્ઞ' કહો કે 'સર્વજ્ઞ' કહો એક જ છે. 'જ્ઞ' સ્વભાવમાં અપૂર્ણતા ન હોય માટે તે સર્વજ્ઞ છે. ભગવાન તેને સર્વજ્ઞશક્તિ કહે છે. બધા આત્મા સર્વજ્ઞશક્તિ સંપન્ન છે. અભવિનો જીવ પણ સર્વજ્ઞશકિતસંપન્ન છે. તારી દૃષ્ટિમાં આવો વિશ્વાસ તો લાવી જો! આ કાંઈ વાત કરવાની વાત નથી. મેરુ પર્વત ઉપાડવો સહેલો છે પણ આ પુરુષાર્થ કરવો મહાદુર્લભ છે. તેથી તો બોધિને દુર્લભ કહી

છે. અનંતકાળમાં બોધિ પ્રાપ્ત થઈ નથી. સ્વસ્વરૂપે સુલભ છે પણ અપ્રયાસથી દુર્લભ થઈ ગઈ છે.

અલ્પજ્ઞતા હોવા છતાં સર્વે આત્માઓ સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞસ્વભાવી એટલે કે પરમાત્મા છે, પરમબ્રહ્મ છે. આવી વાણી સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહીં. અસંખ્યપ્રદેશમાં પૂરણ પૂરણ સર્વજ્ઞસ્વભાવનો અખંડ પિંડ પડ્યો છે. વર્તમાનમાં અલ્પજ્ઞતા અને વિકાર છે તે જ વખતે હું સર્વજ્ઞસ્વભાવી છું–એવો સ્વીકાર કરવો તેનું નામ સત્યદર્શન છે. સર્વજ્ઞને યથાર્થપણે સ્વીકાર્યા છે કે અહો! મારો જેવો સ્વભાવ છે તેવો જેણે પ્રગટ કર્યો છે એવા સર્વજ્ઞ પણ જગતમાં અનંતા છે–એમ એને ભાળવું થાય છે. ભાળવું એટલે જ્ઞાનના ખ્યાલમાં આવવું. જ્ઞાનના ક્ષયોપશમની યોગ્યતા પોતાથી પોતામાં છે તે પ્રમાણે જ્ઞાન થાય છે અને તે અંશમાં વૃદ્ધિ થતી પણ દેખાય છે.

એક બ્રહ્મને અનંતરૂપ માનો તો તો સત્તા ખંડ ખંડ થઈ જાય છે. એક આત્માની પરથી પૃથક્તા પોતાના ક્ષેત્રમાં જ છે એ વાત સાબિત પણ થાય છે કેમ કે જેટલા ક્ષેત્રમાં એકાગ્ર થાય છે તેટલામાં જ તેની પરિપૂર્ણતા છે એટલે તેમાં એકાગ્ર થતાં જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. માટે, સાબિત થાય છે કે એટલાં ક્ષેત્રમાં જ આખો આત્મા છે અને તેમાં એકાગ્ર થવાથી નિર્મળતા પ્રગટ થઈ માટે જે પર્યાય ગઈ તેમાંથી નિર્મળતા આવી નથી પણ સ્વભાવમાંથી આવી છે. માટે, ક્ષેત્ર અને સ્વભાવ બંને સિદ્ધ થઈ જાય છે. જો બહારમાં એકાગ્રતા કરવા જશે તો નહિ થાય એ શું બતાવે છે?—કે આત્મા પરથી પૃથક્ છે માટે પૃથક્ ચીજ ઉપર એકાગ્રતા કરવા જતાં એકાગ્રતા થઈ શકતી જ નથી. અનંતગુણની રાશિ નિજ ભગવાનનું ક્ષેત્ર (આ શરીરપ્રમાણ) આટલું જ છે. તેમાં એકાગ્રતા કરવાથી પહેલાં જે જ્ઞાન હતું તે વધે છે માટે પોતાનું ક્ષેત્ર એટલું જ છે અને જે જ્ઞાન વધ્યું તે બહારથી વધ્યું નથી પણ પોતાના સ્વભાવથી વધ્યું છે માટે પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છે. આમ, ક્ષેત્ર એટલું જ, પરિપૂર્ણ સ્વભાવ પણ એટલો જ, દ્રવ્યસ્વભાવ પણ એટલો જ અને તે પણ એક સમયમાત્ર કાળમાં આત્મા આખો પરિપૂર્ણ છે.

સત્ય તો આમ છે પણ એને અંદરમાં વિચાર કરવો નથી, મંથન કરવું નથી, અંદરમાં ઘૂંટવું અને લઢવું નથી અને આમને આમ જ માની લેવું છે; પણ ભાવમાં ખ્યાલમાં આવ્યા વિના સાચી પ્રતીતિ થઈ શકતી જ નથી.

એક જ સમયમાં પૂરું જ્ઞાન શી રીતે આવે છે? તેનો વિચાર કરે તો ખબર પડે કે પોતાના સર્વજ્ઞસ્વભાવમાંથી પુરું જ્ઞાન આવે છે. એક જ સમયમાં ભૂતકાળનું, વર્તમાનનું

અને ભવિષ્યમાં જે થવાનું છે તેનું જ્ઞાન પણ થાય છે. આ જ્ઞાન કાંઈ નિમિત્તમાંથી આવતું નથી, કર્મનો અભાવ થયો માટે આવતું નથી, પૂર્વપર્યાય ગઈ તેમાંથી આવતું નથી, અંદરમાંથી જ વર્તમાન પૂર્ણપર્યાય આવે છે. પોતાના દ્રવ્યમાંથી, પોતાના ક્ષેત્રમાંથી, પોતાના ભાવમાંથી એક સમયમાં પૂરું જ્ઞાન પ્રગટ થાય છે. આમ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સિદ્ધ કરી દીધા. પણ, જીવે કદી અંતરમાં મનન જ કર્યું નથી.

ધીરજથી શાંતિથી પોતાનું અસ્તિત્વ કેવડું અને કેવું છે તે સમજવું જોઈએ. ભલે ભગવાને કહ્યું તેમ જ છે પણ પોતાને અંદરમાં ભાસવું જોઈએ. 'ભગવાન કહે છે તે સાચું છે આપણે તો સંક્ષેપરુચિ રાખો....' એમ પેલાં ઘણાં કહેતાં...કીધું એમ ન હોય. ભગવાન કહે છે તે સાચું છે પણ, પોતે સમજીને નક્કી તો કરવું જોઈએ ને! કાંઈ ભાન ન હોય તેને સંક્ષેપરુચિ ન કહેવાય. મિથ્યાદૃષ્ટિ ટળે તેને સંક્ષેપરુચિ કહેવાય.

૮૦ની સાલમાં આ વિષયમાં બહુ ચર્ચા ચાલી હતી. એ લોકો એમ કહેતાં હતાં કે આપણને ભલે વિશેષ જ્ઞાન ન હોય પણ ભગવાન કહે છે તે માનીએ છીએ એટલે આપણને સમ્યગ્દર્શન છે. તેને કીધું, એમ ન હોય. જેને કુદૃષ્ટિ ન હોય, અજ્ઞાનીને હોય તેવા કુસંસ્કાર ન હોય, વિશેષ જ્ઞાન ન હોય પણ સ્વભાવના આશ્રયે સુદૃષ્ટિ પ્રગટી હોય તેને સંક્ષેપરુચિ કહેવામાં આવે છે. ઉંધા અભિપ્રાયના લાકડાં ઘણાં પડ્યાં હોય અને સંક્ષેપરુચિ હોય એમ ન બને.

અહીં કહે છે કે અન્યમતી બધાને એકરૂપ માને છે, પણ એમ નથી. બધા આત્મા એક સ્વભાવી છે-એમ ભગવાન કહે છે અને એમ છે. જો અન્યમતી માને છે તેમ એક બ્રહ્મ જ સર્વરૂપ થઈ રહ્યો હોય તો નરક-નિગોદના દુઃખના સ્થાનને કોણ ભોગવે? એકને દુઃખ થોડું અને એકને વધારે...એવું કેવી રીતે હોય? માટે, એમ છે જ નહિ. બધા આત્મા ભિન્ન-ભિન્ન અને એકલાં જ પૂરાં છે. માટે, જીવો અનંત છે. દરેકની સત્તા ભિન્ન-ભિન્ન છે. આવા દરેક જીવને પરમબ્રહ્મ અને પરમશિવ કહીએ છીએ એમ તું નિશ્ચયથી જાણજે. આ તો અધ્યાત્મશાસ્ત્ર છે તેથી આટલો ખુલાસો જ બસ છે. વ્યવહારથી તો અનેક તર્ક અને ન્યાયથી ઘણું સ્પષ્ટીકરણ થઈ શકે પણ અહીં વિશેષ કહેતા નથી. સમજી લેવું.

આ ૧૦૭ ગાથા થઈ લો. હવે બીજી ૧૦૭ ગાથા બાકી રહી. બીજા અધિકારમાં કુલ ૨૧૪ ગાથા છે.

આ રીતે સોળવલા સોનાના દૃષ્ટાંત દ્વારા કેવળજ્ઞાનાદિ લક્ષણથી બધા જીવો સમાન

છે. આ વ્યાખ્યાનની મુખ્યતાથી તેર દોહા-સૂત્રો કહ્યાં. એ રીતે મોક્ષમાર્ગ, મોક્ષફળ અને મોક્ષ આ ત્રણેયના કહેવાવાળા બીજા મહાઅધિકારમાં ચાર અંતસ્થલના એકતાલીસ દોહાવાળો મહાસ્થલ સમાપ્ત થયો. તેમાં શુદ્ધોપયોગનું કથન કર્યું. વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની વાત કરી, પરિગ્રહત્યાગની વાત કરી અને બધા જીવો સમાન છે-આટલી વાત આવી.

આગળ 'પર જાણંતુ વિ' ઈત્યાદિ એકસો સાત દોહાપર્યંત ત્રીજો મહાઅધિકાર કહ્યો છે.

परु जाणंतु वि परम-मुणि पर-संसग्गु चयंति ।
पर-संगईं परमप्पयहँ लक्खहँ जेण चलंति ॥108॥

અર્થ :—મહા પરમમુનિ ઉત્કૃષ્ટ આત્મદ્રવ્યને જાણતા થકા પણ પરદ્રવ્ય જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ-તેના સંબંધને છોડી દે છે કેમ કે પરદ્રવ્યના સંબંધથી ધ્યાન કરવાયોગ્ય જે પરમપદ-તેનાથી ચલાયમાન થઈ જવાય છે.

જુઓ! આ અધિકાર આવો લીધો છે. પરમમુનિઓ-સંતોની વાત કરી છે પણ તેના પેટામાં સમકિતી ગૃહસ્થો પણ આવી જાય છે.

ઉત્કૃષ્ટ એવા દ્રવ્યસ્વભાવનો સંગ કરનારા મુનિઓ પર એવા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો સંબંધ છોડી દે છે કેમ કે પરદ્રવ્યના સંસર્ગથી-સંબંધથી ધ્યાન કરવાયોગ્ય પરમપદનો સંસર્ગ છૂટી જાય છે, તેનાથી ચલાયમાન થઈ જાય છે. ધનુષ્યનું દૃષ્ટાંત આપ્યું છે કે ધનુષ્ય ચલાવનાર જેના ઉપર બાણ મારવું છે તે લક્ષ ઉપર ધ્યાન ન રાખે તો લક્ષ ચૂકી જાય છે. તેમ સામાન્ય દ્રવ્યસ્વભાવનું જેને લક્ષ છે એવા મુનિઓ જો બીજાં કોઈ ધ્યેયમાં આવી જશે તો સામાન્યનું લક્ષ ચૂકી જશે. વસ્તુને સાધી નહીં શકે. ધનુષ્યબાણ ચલાવનારનું લક્ષ જો આજુ-બાજુમાં બીજે ક્યાંય જાય તો તરત જ લક્ષ ચૂકી જાય.

ભગવાન આત્મા જે પૂર્ણ શુદ્ધ છે તેનું જેને ધ્યેય છે એવા શુદ્ધોપયોગી મુનિને સાથે વ્યવહારરત્નત્રય પણ હોય છે એ વાત આગળ ગાથામાં આવશે. મુનિરાજ નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક છે. તેમની ગૃહસ્થ શ્રાવક સેવા કરે છે, આહાર આપે છે અને મુનિરાજ આહાર લે છે. તે વખતે છઠ્ઠું ગુણસ્થાન હોય છે. ૧૩૨ ગાથામાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે ગૃહસ્થી ધનની તૃષ્ણા ન કરે તો શું કરે? તેના જવાબમાં કહ્યું કે નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક એટલે કે ભેદાભેદ રત્નત્રયના સાધક તેને નિશ્ચય રત્નત્રય અને વ્યવહાર રત્નત્રય બંને એકસાથે છે એવા યતિને ગૃહસ્થ શ્રાવકે દાન આપવું-આહાર

આપવો. તો આહાર લેવાની વૃત્તિ છઠ્ઠા ગુણસ્થાને જ હોય, સાતમે ન હોય.

માણસે શાંતિથી, ધીરેથી સત્ય તત્ત્વને જેમ છે તેમ સમજવું જોઈએ. પોતાનો પક્ષ સિદ્ધ કરવો છે એમ ન હોવું જોઈએ. સત્યને સત્ય તરીકે રાખવું જોઈએ.

અહીં તો નિશ્ચય ને વ્યવહાર બંને રત્નત્રય સાથે હોય છે એમ કહ્યું છે. પેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ કહ્યું નથી અને છઠ્ઠા ગુણસ્થાને નિશ્ચયરત્નત્રય ન હોય—એમ પણ કહ્યું નથી. આહાર લેતી વખતે પણ મુનિરાજને નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક કહ્યાં છે. જેટલો સંયમનો, દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર છે અને જેટલી નિર્વિકલ્પ પરિણતી છે એટલો નિશ્ચય છે. એવા મુનિવરોને ગૃહસ્થોએ આહારદાન આપવું. આવી બધી ઘણી ગાથાઓ આગળ આવે છે.

વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં લીન થયેલાં મુનિને પરદ્રવ્યનું લક્ષ હોતું નથી. તેથી પરદ્રવ્ય એવા દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનું લક્ષ છોડી દીધું છે–એમ કહેવાય છે.

અંદરના વિકાર-રાગાદિ ભાવકર્મ—જે પંચમહાવ્રત આદિનો વિકલ્પ અને બાહ્ય શરીર આદિ એ બધા પરદ્રવ્ય કહેવાય છે. જે ભાવ સ્વદ્રવ્યના લક્ષે નહિ પણ પરદ્રવ્યના લક્ષે થયેલો છે એવા પંચમહાવ્રત આદિ વિકલ્પને પણ પરદ્રવ્ય કહેવાય છે. અરે! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ પરદ્રવ્ય છે. એક સ્વભાવની દૃષ્ટિમાં પરદ્રવ્યનો સંસર્ગ છૂટી જાય છે. ઉપદેશમાં તો પરનું લક્ષ છોડો એમ કહેવાય, ભેદનું લક્ષ છોડવાનું કહેવાય .પણ, અભેદ આત્માનું લક્ષ થતાં પર અને ભેદનું લક્ષ છૂટી જાય છે. વિકલ્પ અને શરીર ક્યાં છે તેની ખબર પણ રહેતી નથી.

તે મુનિરાજ એક આત્મભાવ સિવાય સર્વ પરદ્રવ્યનો સંસર્ગ છોડી દે છે તથા રાગી-દ્વેષી, મિથ્યાત્વી, અસંયમીજીવોનો સંબંધ પણ છોડી દે છે. જેને મિથ્યાશ્રદ્ધા છે અને વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ અભિપ્રાયોના લાકડા પડેલા છે એવા અસંયમીજીવોનો સંસર્ગ ન કરવો. જેને રાગ-દ્વેષમાં કર્તૃત્વબુદ્ધિ વર્તે છે એવા મિથ્યાદૃષ્ટિનો સંસર્ગ કરવા જેવો નથી કેમ કે, તેના સંસર્ગથી મુનિ, પરમપદ જે નિજ વીતરાગ નિત્યાનંદ અમૂર્તસ્વભાવ પરમસમરસી ભાવરૂપ જે પરમાત્મતત્ત્વ ધ્યાવવાયોગ્ય છે તેને ચૂકી જાય છે.

ધ્યાન કરવાયોગ્ય દ્રવ્ય છે અને ધ્યાન કરનાર પર્યાય છે. તે પર્યાય જો પરદ્રવ્યનો સંગ કરે તો ત્રણગુપ્તિરૂપ પરમસમાધિથી રહિત થઈ જાય છે. સ્વદ્રવ્યથી ચલાયમાન થઈ જાય છે. તેથી તો કુંદકુંદાચાર્યદેવે મૂલાચારમાં ત્યાં સુધી કહી દીધું છે કે જે ગણ એટલે

સમૂહમાં વાસ્તવિક તત્ત્વથી વિરુદ્ધ તત્ત્વની પ્રરૂપણા ચાલતી હોય તે સમૂહમાં જવા કરતાં તો લગન કરી લેવા. કેમ કે લગન કરવામાં તો ચારિત્રદોષ લાગે છે પણ વિપરીત ઉપદેશથી તો મિથ્યાત્વના લાકડાં ઘૂસી જાય છે એ તો તીવ્ર પાપ છે. એ દોષ છોડાવવા માટે આચાર્યદેવે આમ કહ્યું છે. આમ તો આચાર્યદેવને નવ નવ કોટીએ લગનનો ત્યાગ હોય છે.

એક એક પરમાત્મા પૂર્ણ છે! સર્વજ્ઞ છે! એક સમયમાં પૂરું જાણનારા છે! તેમણે કહેલાં શાસ્ત્રો છે અને તેમના માર્ગે ચાલનારા તેના જેવા ગુરુ છે એ જ સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ છે. તેનાથી વિરુદ્ધ કોઈ સ્વરૂપ બતાવશે અને તને જો બેસી જશે તો ખોટું શલ્ય તારી અંદર આવી જશે તો તું દર્શન ભ્રષ્ટ થઈ જઈશ. માટે, એવા મિથ્યાદૃષ્ટિઓનો અને પરદ્રવ્યોનો સંગ ન કરવો. વિશેષ વાત કહેવાશે.

(ક્રમશઃ)

અર્હંતના દ્રવ્યને, ગુણોને ને પ્રગટ પર્યાયોને ખરેખર જાણે,—શું કામે જાણે?—કે પોતાના આત્માને જાણવા માટે જાણે—તે ખરેખર આત્માને જાણે છે. જેણે ખરેખર પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા—પોતાના આત્માને જાણવાના હેતુથી જાણ્યા—તે ખરેખર આત્માને જાણે છે. 'ખરેખર અર્હંતને જાણ' એમ કહેતાં આત્માને જાણવાના લક્ષે જાણ એમ કહેવું છે. 'ખરેખર' શબ્દમાં ઘણું વજન છે. આમ તો અગિયાર અંગ ને નવ પૂર્વને અનંતવાર કંઠસ્થ કર્યાં છે પણ એ કોઈ વસ્તુ નથી. તેથી કહે છે કે પોતાનું સ્વરૂપ કેવડું છે એ જાણવા માટે જેણે ખરેખર અર્હંતને જાણ્યા છે—લોકોને સંભળાવવા માટે કે વાતો કરવા માટે નહીં પણ પોતાના આત્માને જાણવા માટે જે ખરેખર અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે, તે આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં ખરેખર તફાવત નથી. તફાવત નથી એટલે?—કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ સર્વજ્ઞમાં ને પોતાના આત્મામાં તફાવત નથી. સર્વજ્ઞ જેવડી પર્યાય પ્રગટ કરે એવડી તાકાતવાળું મારું દ્રવ્ય છે માટે બન્નેમાં ખરેખર તફાવત નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# જૈનદર્શનનું રહસ્ય : ક્રમબદ્ધપર્યાય

## ક્રમબદ્ધપર્યાય : કાનજીસ્વામી

### (૧૩૭) અજ્ઞાનીએ શું કરવું ?

પ્રશ્નઃ- અમે તો અજ્ઞાની છીએ, અમારે શું કરવું? શું ક્રમબદ્ધ માનીને બેસી રહેવું?

ઉત્તરઃ- ભાઈ! અજ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. સ્વસન્મુખ પુરુષાર્થ વડે જ્યાં જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં ક્રમબદ્ધનો પણ નિર્ણય થયો અને પોતાની ક્રમબદ્ધપર્યાયમાં જે નિર્મળ પર્યાયનો ક્રમ હતો તે જ પર્યાય આવીને ઊભી રહી. સ્વસન્મુખ પુરુષાર્થ વગરની તો ક્રમબદ્ધની માન્યતા પણ સાચી નથી. જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને પરિણમતાં, જો કે પર્યાયનો ક્રમ આઘોપાછો થતો નથી તોપણ, સમ્યગ્દર્શન વગેરેનું પરિણમન થઈ જાય છે ને અજ્ઞાનદશા છૂટી જાય છે. માટે, 'અજ્ઞાનીએ શું કરવું' એનો ઉત્તર આ છે કે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને અજ્ઞાન ટાળવું. પ્રશ્નમાં એમ હતું કે "શું અમારે બેસી રહેવું?" પણ ભાઈ! બેસી રહેવાની વ્યાખ્યા શું? આ જડ શરીર બેસી રહે તેની સાથે કાંઈ ધર્મનો સંબંધ નથી. અજ્ઞાની અનાદિથી રાગ સાથે એકતાબુદ્ધિ કરીને રાગમાં જ બેઠો છે—રાગમાં જ સ્થિત છે તેને બદલે જ્ઞાયકસ્વભાવમાં એકતા કરીને તેમાં બેસે એટલે કે એકાગ્ર થાય તો અજ્ઞાન ટળે ને સમ્યગ્દર્શનાદિ શુદ્ધતાનો અપૂર્વ ક્રમ શરૂ થાય. આનું નામ ધર્મ છે.

### (૧૩૮) એક વગરનું બધુંય ખોટું.

'હું જ્ઞાતા જ છું ને પદાર્થો ક્રમબદ્ધ પરિણમનારા છે'—એમ જે નથી માનતો તે કેવળીભગવાનને નથી માનતો, આત્માના જ્ઞાનસ્વભાવને પણ નથી માનતો, પંચપરમેષ્ઠી ભગવંતોને કે શાસ્ત્રને પણ નથી માનતો, જીવ-અજીવની સ્વતંત્રતાને કે સાત તત્ત્વોને પણ નથી જાણતો, મોક્ષમાર્ગના પુરુષાર્થને પણ નથી જાણતો, દ્રવ્ય-ગુણ-પર્યાયનું, ઉપાદાન-નિમિત્તનું કે નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ પણ તે નથી જાણતો. જ્ઞાનસ્વભાવનો નિર્ણય જેણે ન કર્યો તેનું કાંઈ પણ સાચું નથી. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો તેમાં બધા પડખાંનો નિર્ણય આવી જાય છે.

## ( ૧૩૯ ) પંચ તરીકે પરમેષ્ઠી અને તેનો ફૈસલો.

પ્રશ્નઃ– આ સંબંધમાં અત્યારે બહુ ઝઘડા (–મતભેદ) ચાલે છે, માટે આમાં 'પંચ'ને વચ્ચે નાંખીને કાંઈક નીવેડો લાવો ને?

ઉત્તરઃ– ભાઈ, પંચપરમેષ્ઠી ભગવાન જ અમારા 'પંચ' છે. જ્ઞાયકસ્વભાવ અને ક્રમબદ્ધપર્યાયનું આ જે વસ્તુસ્વરૂપ કહેવાય છે તે જ પ્રમાણે અનાદિથી પંચપરમેષ્ઠી ભગવંતો કહેતા આવ્યા છે અને મહાવિદેહમાં બિરાજતા સીમંધરાદિ ભગવંતો અત્યારે પણ એ જ ઉપદેશ આપી રહ્યા છે. આ સિવાય અજ્ઞાનીઓ બીજું વિપરીત માને તો ભલે માને, પણ અહીં તો **પંચપરમેષ્ઠી ભગવંતોને પંચ તરીકે રાખીને આ વાત કહેવાય છે. પંચપરમેષ્ઠી ભગવંતો આ જ પ્રમાણે માનતા આવ્યા છે ને આ જ પ્રમાણે કહેતા આવ્યા છે. જેને પંચપરમેષ્ઠી પદમાં ભળવું હોય તેણે પણ આ જ પ્રમાણે માન્યે છૂટકો છે.**

જુઓ, આ પંચનો ફૈસલો!

હે ભાઈ! પંચપરમેષ્ઠી ભગવંતોમાં અરિહંત અને સિદ્ધ ભગવંતો સર્વજ્ઞ છે–ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણનારા છે. **એ સર્વજ્ઞતાને તું માને છે કે નથી માનતો?**

**જો તું એ સર્વજ્ઞતાને ખરેખર માનતો હો તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો પણ સ્વીકાર થઈ જ ગયો અને જો તું સર્વજ્ઞતાને ન માનતો હો તો તેં 'પંચ'ને (–પંચપરમેષ્ઠી ભગવંતોને) જ ખરેખર માન્યા નથી.**

'णमो अरिहंताणं ने णमो सिद्धाणं' એમ દરરોજ બોલે, પણ અરિહંત અને સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન સહિત છે, તેઓ ત્રણકાળ ત્રણલોકને જાણે છે અને તે જ પ્રમાણે થાય છે એમ માને તો તેમાં ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર આવી જ જાય છે. આત્માની સંપૂર્ણ જ્ઞાનશક્તિને અને ક્રમબદ્ધપર્યાયને જે નથી માનતો તે પંચપરમેષ્ઠી ભગવંતોને પણ યથાર્થ સ્વરૂપે નથી માનતો. માટે, જેણે **ખરેખર પંચપરમેષ્ઠી ભગવંતોને ઓળખવા હોય તેણે બરાબર નિર્ણય કરીને આ વાત માનવી. આવો પંચનો ફૈસલો છે.**

## ( ૧૪૦ ) જીવના અકર્તાપણાની ન્યાયથી સિદ્ધિ.

જ્ઞાયક આત્મા કર્મનો અકર્તા છે એમ અહીં આચાર્યદેવ ન્યાયથી સિદ્ધ કરે છેઃ

(૧) પ્રથમ તો જીવ ને અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે,

(૨) જે પર્યાય થાય છે તેમાં તે તદ્રૂપ છે,

(૩) જીવ પોતાનાં પરિણામપણે ઊપજતો હોવા છતાં તે પરને (-કર્મને) ઉપજાવતો નથી એટલે તેને પરની સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવ નથી,

(૪) ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ વગર કાર્ય-કારણપણું હોતું નથી એટલે જીવ કારણ થઈને કર્મને ઉપજાવે એમ બનતું નથી અને

(૫) કારણ-કાર્યભાવ વગર જીવને અજીવ સાથે કર્તા-કર્મપણું સિદ્ધ થઈ શકતું નથી અર્થાત્ જ્ઞાયકભાવપણે ઊપજતો જીવ કર્તા થઈને મિથ્યાત્વાદિ અજીવકર્મને ઉપજાવે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી.

માટે, જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયપણે પરિણમતો જ્ઞાની કર્મનો અકર્તા જ છે. ભાઈ! તું તો જ્ઞાનસ્વભાવ! તું તારા જ્ઞાતા-દૃષ્ટાભાવપણે પરિણમીને તે પરિણામમાં તદ્રૂપ થઈને તેને કર, પણ જડકર્મનો તું કર્તા થા એવો તારો સ્વભાવ નથી. અહો! 'હુ જ્ઞાયક છું' એમ અંતર્મુખ થઈને સમજે તો જીવને કેટલી શાંતિ થઈ જાય!

**(૧૪૧) અજીવમાં પણ અકર્તાપણું.**

અહીં, જીવનું અકર્તાપણું સમજાવવા માટે આચાર્યદેવે જે ન્યાય આપ્યો છે તે બધા દ્રવ્યોમાં લાગુ પડે છે. અજીવમાં પણ એક અજીવ તે બીજા અજીવનું અકર્તા છે. જેમકે પાણી ઊનું થયું ત્યાં અગ્નિ તેનો અકર્તા છે. તે નીચે પ્રમાણે-

(૧) અગ્નિ અને પાણી બંને પદાર્થો પોતપોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે,

(૨) પોતપોતાની જે પર્યાય થાય છે તેમાં તે તદ્રૂપ છે,

(૩) અગ્નિ પોતાનાં પરિણામપણે ઊપજતો હોવા છતાં તે પાણીની ઉષ્ણ અવસ્થાને ઉપજાવતો નથી, એટલે તેને પાણીની સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ નથી,

(૪) ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ વગર કાર્ય-કારણપણું હોતું નથી, એટલે અગ્નિ કારણ થઈને પાણીની ઉષ્ણ અવસ્થાને ઉપજાવે એમ બનતું નથી અને

(૫) કારણ-કાર્યભાવ વગર અગ્નિને પાણી સાથે કર્તા-કર્મપણું સિદ્ધ થઈ શકતું નથી.

માટે અગ્નિ પાણીની અકર્તા જ છે. અગ્નિ અગ્નિની પર્યાયમાં તદ્રૂપ છે ને ઉષ્ણ પાણીની અવસ્થામાં તે પાણી જ તદ્રૂપ છે. એ જ પ્રમાણે કુંભાર અને ઘડો વગેરે જગતના બધા પદાર્થોમાં પણ ઉપર મુજબ પાંચ બોલ લાગુ પાડીને એકબીજાનું અકર્તાપણું સમજી લેવું.

## (૧૪૨) નિમિત્તકર્તા તો ખરો ને?

પ્રશ્ન:- જીવ કર્તા છે કે નથી?

ઉત્તર:- હા; જીવ કર્તા ખરો, પણ શેનો?—કે પોતાના જ્ઞાયક પરિણામનો, પુદ્‌ગલકર્મનો નહીં.

પ્રશ્ન:- પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા તો ખરો કે નહિ?

ઉત્તર:- ના; જ્ઞાયકભાવપણે પરિણમતો જીવ મિથ્યાત્વાદિ પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા પણ નથી. કર્મના નિમિત્ત થવા ઉપર જેની દૃષ્ટિ છે તે જીવને જ્ઞાયકભાવનું પરિણમન નથી પણ અજ્ઞાનભાવનું પરિણમન છે. અજ્ઞાનભાવને લીધે જ તે પુદ્‌ગલકર્મનો નિમિત્તકર્તા થાય છે અને તે જ સંસારનું કારણ છે. આ વાત આચાર્યદેવે હવે પછીની ગાથાઓમાં બહુ સરસ સમજાવી છે.

## (૧૪૩) જ્ઞાતાનું કાર્ય.

જ્ઞાનસ્વભાવી જીવ કર્તા થઈને કોઈની પર્યાયને આઘીપાછી પલટાવે એમ નથી. પોતે પોતાના જ્ઞાતાપરિણામે ઊપજતો થકો ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા છે. જ્ઞાતાપરિણામ જ જ્ઞાનીનું કાર્ય છે. જેમ ઈશ્વર જગતના કર્તા એ વાત ખોટી છે તેમ જીવ પરનો કર્તા એ વાત પણ ખોટી છે. જ્ઞાયકમૂર્તિ આત્મા સ્વ-પરપ્રકાશક છે. ખરેખર જ્ઞાયક તો શુભ-અશુભભાવોનો પણ જાણનાર જ છે. તેમાં એકતાપણે નહિ પરિણમતો હોવાથી, પણ ભિન્નપણે જ્ઞાનભાવે પરિણમતો હોવાથી, તે રાગનો કર્તા નથી. રાગને જ્ઞાન સાથે ભેળવીને જે તેનો કર્તા થાય છે તેની દૃષ્ટિ 'જ્ઞાયક' ઉપર નથી પણ વિકાર ઉપર છે, એટલે તે મિથ્યાદૃષ્ટિ છે. શુભભાવ થાય ત્યાં 'અશુભ થવાના હતા પણ જ્ઞાને તેને પલટીને આ શુભ કર્યા' એમ જે માને છે તેનું વલણ પણ વિકાર તરફ જ છે, જ્ઞાયક ઉપર તેનું વલણ નથી. જ્ઞાતા તો જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને પોતાના જ્ઞાતાભાવે જ પરિણમતો તે તે સમયના રાગને પણ જ્ઞાનનું વ્યવહારજ્ઞેય બનાવે છે, પણ તેને

જ્ઞાનનું કાર્ય નથી માનતો. તે સમયે જે જ્ઞાનપરિણમન થયું (તે જ્ઞાનપરિણમનની સાથે સમ્યક્શ્રદ્ધા, આનંદ, પુરુષાર્થ વગેરેનું પરિણમન પણ ભેગું જ છે) તે જ જ્ઞાતાનું કાર્ય છે. આ રીતે જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાન, આનંદ વગેરે પરિણામોનો કર્તા છે, પણ રાગનો કે પરનો કર્તા નથી.

## (૧૪૪) અકાર્યકારણશક્તિ અને પર્યાયમાં તેનું પરિણમન.

જ્ઞાની જાણે છે કે મારામાં અકાર્યકારણશક્તિ છે. હું કારણ થઈને પરનું કાર્ય કરું કે પર વસ્તુ કારણ થઈને મારું કાર્ય કરે એવું પર સાથે કાર્યકારણપણું મારે નથી. અરે! અંતરમાં જ્ઞાન કારણ થઈને રાગને કાર્યપણે ઉપજાવે અથવા તો રાગને કારણ બનાવીને જ્ઞાન તેના કાર્યપણે ઊપજે એવું જ્ઞાન અને રાગને પણ કાર્યકારણપણું નથી. આવી અકાર્યકારણશક્તિ આત્મામાં છે.

પ્રશ્નઃ–અકાર્યકારણપણું તો દ્રવ્યમાં જ છે ને?

ઉત્તરઃ–દ્રવ્યમાં અકાર્યકારણશક્તિ છે એમ માન્યું કોણે?—પર્યાયે. જે પર્યાયે દ્રવ્યસન્મુખ થઈને અકાર્યકારણશક્તિને માની તે પર્યાય દ્રવ્યની સાથે અભેદ થઈને પોતે પણ અકાર્યકારણરૂપ થઈ ગઈ છે. એ રીતે, પર્યાયમાં પણ અકાર્યકારણપણું છે. બીજી રીતે કહો તો, જ્ઞાયકસ્વભાવ તરફ વળીને જે પર્યાય અભેદ થઈ તે પર્યાયમાં રાગનું કે પરનું કર્તાપણું નથી, તે તો જ્ઞાયકભાવરૂપ જ છે.

## (૧૪૫) આત્મા પરનો ઉત્પાદક નથી.

જુઓ ભાઈ! જેને પોતાના આત્માનું હિત કરવાની ગરજ થઈ હોય એવા જીવને માટે આ વાત છે. અંતરની લોકોત્તરદૃષ્ટિની આ વાત છે, લૌકિક વાતની સાથે આ વાતનો મેળ ખાય તેમ નથી. લૌકિકમાં તો અત્યારે એવી ઝુંબેશ ચાલે છે કે "અનાજનું ઉત્પાદન વધારો ને વસ્તીનું ઉત્પાદન ઘટાડો." અહીં તો લોકોત્તરદૃષ્ટિની વાત છે કે ભાઈ! તું પરનો ઉત્પાદક નથી, તું તો જ્ઞાન છો. "અરે! અભક્ષ્ય ચીજ ખાઈને પણ અનાજ બચાવો" એમ કહેનાર તો અનાર્યદૃષ્ટિવાળા છે. એવાની વાત તો દૂર રહી પણ અહીં તો કહે છે કે આત્મા કર્તા થઈને પરને ઉપજાવે કે પરને ઊપજતું અટકાવે—એમ માનનાર પણ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને તો અંતરમાં રાગનું પણ અકર્તાપણું છે એ વાત તો હજી આનાથી પણ સૂક્ષ્મ છે.

## (૧૪૬) 'બધા માને તો સાચું' એ વાત ખોટી.

પ્રશ્નઃ- બધાય 'હા' પાડે તો તમારું સાચું!

ઉત્તરઃ- અરે ભાઈ! અમારે તો પંચપરમેષ્ઠી જ પંચ છે, એટલે પંચપરમેષ્ઠી માને તે સાચું. દુનિયાના અજ્ઞાની લોકો ભલે બીજુ માને.

જેવો પ્રશ્ન અહીં કર્યો તેવો જ પ્રશ્ન ભૈયા ભગવતીદાસજીના ઉપાદાન-નિમિત્તના દોહરામાં કર્યો છે. ત્યાં નિમિત્ત કહે છે કેઃ-

> નિમિત્ત કહૈ મોકોં સબૈ, જાનત હૈ જગલોય;
> તેરો નાંવ ન જાનહી ઉપાદાન કો હોય. ૪

હે ઉપાદાન! જગતમાં ઘરે ઘરે લોકોને પૂછીએ તો બધા મારું જ નામ જાણે છે અર્થાત્ નિમિત્તથી કાર્ય થાય એમ બધા માને છે, પણ ઉપાદાન શું છે તેનું તો નામ પણ જાણતા નથી.

ત્યારે તેના જવાબમાં ઉપાદાન કહે છે કેઃ-

> ઉપાદાન કહૈ રે નિમિત્ત! તૂ કહાં કરૈ ગુમાન;
> મોકોં જાનૈં જીવ વે, જો હૈ સમ્યક્વાન. ૫

અરે નિમિત્ત! તું ગુમાન શા માટે કરે છે? જગતના અજ્ઞાની લોકો મને ભલે ન જાણે, પણ જેઓ સમ્યક્ત્વવંત જ્ઞાની જીવો છે તેઓ મને જાણે છે.

નિમિત્ત કહે છે કે જગતને પૂછીએ. ઉપાદાન કહે છે કે જ્ઞાનીને પૂછીએ.

એ જ પ્રમાણે ફરીથી નિમિત્ત કહે છે કેઃ-

> કહૈ જીવ સબ જગતકે, જો નિમિત્ત સોઇ હોય;
> ઉપાદાનકી બાતકો, પૂછે નાહીં કોય. ૬

જેવું નિમિત્ત હોય તેવું કાર્ય થાય એમ તો જગતના બધા જીવો કહે છે, પણ ઉપાદાનની વાતને તો કોઈ પૂછતુંય નથી.

ત્યારે તેને જવાબ આપતાં ઉપાદાન કહે છે કેઃ-

> ઉપાદાન બિન નિમિત્ત તૂ, કર ન સકે ઇક કાજ;
> કહા ભયો જગ ના લખૈ જાનત હૈ જિનરાજ. ૭

અરે નિમિત્ત! ઉપાદાન વગર એક પણ કાર્ય થઈ શકતું નથી એટલે કે ઉપાદાનથી જ કાર્ય થાય છે. જગતના અજ્ઞાની જીવો ન જાણે તેથી શું થયું? જિનરાજ તો એ પ્રમાણે જાણે છે.

તેમ અહીં, 'આત્માનો જ્ઞાયકસ્વભાવ અને તેના જ્ઞેયપણે વસ્તુની ક્રમબદ્ધપર્યાયો' એ વાત દુનિયાના અજ્ઞાની જીવો ન સમજે અને તેની 'હા' ન પાડે તેથી શું? પરંતુ, પંચપરમેષ્ઠી ભગવંતો તેના સાક્ષી છે. તેઓએ આ પ્રમાણે જ જાણ્યું છે ને આ પ્રમાણે જ કહ્યું છે. **અને જે કોઈ જીવને પોતાનું હિત કરવું હોય–પંચપરમેષ્ઠીની પંગતમાં બેસવું હોય–તેણે આ વાત સમજીને 'હા' પાડયે જ છૂટકો છે.**

## (૧૪૭) ગોશાળાનો મત? કે જૈનશાસનનો મર્મ?

આ તો જૈનશાસનની મૂળ વાત છે. આ વાતને 'ગોશાળાનો મત' કહેનાર જૈનશાસનને જાણતો નથી. પ્રથમ તો 'ગોશાળો' હતો જ કયારે? અને એ વાત તો અનેકવાર સ્પષ્ટ કહેવાય ગઈ છે કે જ્ઞાયકસ્વભાવ સન્મુખના પુરુષાર્થ વગર એકાંત નિયત માનનાર આ ક્રમબદ્ધપર્યાયનું રહસ્ય સમજ્યો જ નથી. સમ્યક્પુરુષાર્થ વડે જેણે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી અને જ્ઞાતા થયો તેને જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય છે અને તેણે જ જૈનશાસનને જાણ્યું છે.

## (૧૪૮) કર્તા-કર્મનું અન્યથી નિરપેક્ષપણું.

ઉત્પાદ્ય વસ્તુ પોતે જ પોતાની યોગ્યતાથી ઊપજે છે, બીજો કોઈ ઉત્પાદક નથી. વસ્તુમાં જ તેવી ક્રમબદ્ધપર્યાયપણે સ્વતઃ પરિણમવાની શક્તિ છે–તેવી અવસ્થાની યોગ્યતા છે–તેવો જ સ્વકાળ છે–તો તેમાં બીજો શું કરે? અને જો વસ્તુમાં પોતામાં સ્વતઃ તેવી શક્તિ ન હોય–યોગ્યતા ન હોય–સ્વકાળ ન હોય તોપણ બીજો તેમાં શું કરે? માટે અન્યથી નિરપેક્ષપણે જ કર્તા-કર્મપણું છે. પૂર્વે કર્તા-કર્મ અધિકારમાં આચાર્યદેવ એ વાત કહી ગયા છે કે "સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે વસ્તુમાં જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ અને સ્વયં પરિણમતાને તો પર પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી." (જુઓ ગાથા ૧૧૬ થી ૧૨૫)

(ક્રમશઃ)

*અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ દ્વારા*

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૯૬મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

[તા. ૩-૮-૦૯ સોમવારથી ૭-૮-૦૯ શુક્રવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૯૬મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો.

મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું. ઉત્સવના અગાઉના દિવસોથી જ ઘણા મુમુક્ષુઓ સુવર્ણપુરી આવી ગયા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી અને ભક્તોથી આખો મંડપ ભરાઈ ગયો, તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો ચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતા હતા.

**શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર-જિનબિમ્બ વિધાન પૂજા** :—સુવર્ણપુરીમાં પ્રથમવાર યોજવામાં આવેલ આ પૂજનવિધાન માટે જંબૂદ્વીપના લઘુપ્રતિકરૂપે તૈયાર કરવામાં આવેલ અતિસુંદર-આકર્ષક-ભવ્ય માંડલું મુકવામાં આવ્યું હતું. તદુપરાંત બાજુમાં સુંદર પહાડીની પ્રતિકૃતિ બનાવી તેના પર બાહુબલી મુનિરાજની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી હતી. જે મુમુક્ષુઓને અત્યંત દર્શનીય લાગ્યાં હતાં. તથા પાંચ દિવસ માટે ચાલેલ આ વિધાન પૂજાનો પંદરસોથી પણ અધિક મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહ તેમજ ભક્તિપૂર્વક લાભ લીધો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે અને રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર મોક્ષ અધિકાર તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયાં, જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમ જ ઉલ્લાસથી લાભ લીધો. પ્રવચનોના સમયે મંડપ હકડેઠઠ ભરાઈ જતો હતો.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :—ભક્તિની સાથે સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો લાભ મળે તે હેતુથી શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું. બહેનો માટે

બ્ર. આશાબેનના શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સર્વેમાં મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે બ્ર. શ્રી વજુભાઈ, શ્રી હિમ્મતભાઈ ડગલી, શ્રી રાજુભાઈ કામદાર, શ્રી રમેશભાઈ મહેતા દ્વારા તલસ્પર્શી ભક્તિસભર ભાવવાહી પ્રવચનો થયાં હતાં.

**સાંજી ભક્તિ** :—ઉત્સવના દિવસોમાં અખિલ મહારાષ્ટ્ર મુમુક્ષુવૃંદના વિવિધમંડળો ઘાટકોપર, મલાડ, બોરીવલી, પાર્લા, દાદર, વસઈ, મુલુન્ડ તથા જલગાંવના મુમુક્ષુઓ તરફથી ખૂબ જ ઉત્સાહપૂર્વક સાંજી ભક્તિ રાખવામાં આવી હતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવમાં જલગાંવ તથા મુંબઈના વિવિધ મંડળો દ્વારા વિધવિધ ધાર્મિક નાટકો, નૃત્યો, ગરબાઓ, સ્લાઈડ શો વગેરે એવી સુંદર રીતે રજૂ થયા કે તેનાથી મુમુક્ષુઓ ખૂબ જ પ્રસન્નતા અનુભવતા હતા.

## * ભવ્ય રથયાત્રા *

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રા નીકળી. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણા ઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ વૃદ્ધ-ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવિ ભગવાનનું સ્વાગત કરી આરતી ઉતારતા હતા.

આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા પરિવાર હ. નિરંજનભાઈ, સુરેન્દ્રનગર તથા સારથી બનવાનો લાભ શ્રી જયપ્રકાશભાઈ કામદાર-ઘાટકોપરને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણા ઝુલનના ફ્લોટનો લાભ શ્રી પ્રવીણાબેન કાંતીલાલ અમીચંદ કામદાર પરિવાર મદ્રાસ હ. ભરતભાઈને મળ્યો હતો.

## * જન્મ મહોત્સવ શ્રાવણ વદી-૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ *

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગલકારી જન્મોત્સવના મુખ્ય દિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન, તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિમ્બ મંડલ વિધાન પૂજાની પૂર્ણાહુતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચન બાદ પ્રશમમૂર્તિ ભગવતી માતા (પ્રતિકૃતિરૂપ) અત્યંત ભવ્ય રીતે શણગારેલા સ્ટેજ પર પધારવાનાં હોવાથી સ્ટેજ ઉપર મુમુક્ષુમંડળના ભાઈ બહેનો તરફથી ભગવતીમાતાનું ભવ્ય સ્વાગત કરવામાં આવતાં આખોય મુમુક્ષુ સમાજ જાણે સાક્ષાત્ ભગવતીમાતા પધારવાનાં હોય તેવી ભાવાનુભૂતિથી ડોલી ઉઠ્યો. ભગવતી માતાને પ્રથમ વધાવવાનો લાભ શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવાર હ. દીપકભાઈ તથા બ્ર. કોકિલાબેનને મળ્યો, ત્યાર બાદ તો ભક્તોમાં માતાજીને વધાવવા માટે જાણે કે પડાપડી થવા લાગી. ભક્તોનો ઉત્સાહ જાણે કે માતો જ નહોતો.

## ❋ ઉત્સવના વિશિષ્ટ કાર્યક્રમો ❋

### સુવર્ણપુરીમાં નિર્માણાધીન જંબૂદ્વીપના પ્રતિષ્ઠેય જિનબિંબોની મંગલ પધરામણી

શ્રાવણ વદી-૧ તા. ૬-૮-૨૦૦૯ને ગુરવારના રોજનું તીર્થધામ સુવર્ણપુરીનું મંગલમય સુપ્રભાત અત્યંત તેજોમય લાગતું હતું. કારણ કે સુવર્ણપુરીમાં નૂતન નિર્માણાધીન શ્રી જંબૂદ્વીપ જિનાયતનમાં પ્રતિષ્ઠેય જિનેન્દ્ર ભગવંતોના પાવનકારી જિનબિંબોની મંગળકારી પધરામણી થઈ હતી તથા તે શાશ્વત ભગવંતોની ભવ્ય સ્વાગત યાત્રાનું આયોજન થયું હતું. ભગવાનોના આગમન પહેલાં જ મુમુક્ષુઓએ પોતાના ઘર આગળ સુશોભિત દરવાજા બનાવી તેના ઉપર જંબૂદ્વીપના શાશ્વત ભગવંતોનું સ્વાગત કરતાં સુંદર બેનર લગાવ્યાં હતા. સવારે ૭-૩૦ વાગે શણગારેલા ખુલ્લા ટ્રકોમાં સ્થિત ભગવંતોનું આગમન થતાં જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભક્તો પોતાના ભગવાનને પુષ્પોથી વધાવવા માટે પડાપડી કરી રહ્યા હતા. સુવર્ણપુરીમાં જંબૂદ્વીપના નિર્માણ સ્થળેથી યાત્રા નીકળી સ્વાધ્યાયમંદિર કંપાઉન્ડના પાસે થઈ આગળ વધી હતી. સર્વે મુમુક્ષુઓએ પોતાના ઘર આગળ ભગવંતોનું આરતી-ભક્તિ કરી મંગલ સ્વાગત કર્યું હતું. શોભાયાત્રામાં આબાલ-વૃદ્ધ-સ્ત્રી-પુરુષ સર્વે મુમુક્ષુઓ અત્યંત ભાવવિભોર થઈ ભક્તિની મસ્તીમાં મસ્ત બની ગયાં હતાં. સુવર્ણપુરીમાં નિર્માણાધીન નૂતન જિનાયતનોના મંગલ જિનબિંબોના સ્વાગતનો આ કાર્યક્રમ ખરેખર અદ્‌ભૂત હતો. દરેકને પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જાણે કે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી મુમુક્ષુઓને આશિર્વાદ આપતાં હોય એવી અનુભૂતિ થતી હતી.

### સુવર્ણપુરીમાં ઉજવાતા મંગલ ઉત્સવોના ઇન્ટરનેટ પર જીવંત પ્રસારણની શરૂઆત

દેશ-વિદેશના કેટલાંક મુમુક્ષુભાઈ-બહેનો જે સુવર્ણપુરીના મંગલ ઉત્સવોમાં કોઈપણ કારણસર હાજર ન રહી શક્યા હોય તેવા ખાસ કરીને વિદેશના મુમુક્ષુઓ પણ સુવર્ણપુરીના ઉત્સવોનો ઘેર બેઠાં લાભ પ્રાપ્ત કરી શકે તેવી માંગણી આવી હોવાથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા આ ઉત્સવોને ઈન્ટરનેટ પર જીવંત પ્રસારણ કરવાની યોજના પૂજ્ય બહેનશ્રીના ૯૬મા મંગલકારી જન્મોત્સવથી કાર્યાન્વિત કરવામાં આવી છે. આ વર્ષે વિદેશના લગભગ ૧૨૦ કુટુંબોએ પોતાના ઘેર બેઠાં જ ઉત્સવને નિહાળવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ટ્રસ્ટ દ્વારા આ યોજનાને વધુ વ્યવસ્થિત તથા વિસ્તૃત કરવાનું આયોજન થઈ રહ્યું છે.

### શ્રી પંચાસ્તિકાયસંગ્રહ (ગાથાર્થ, હરિગીત, અન્વયાર્થ) સીડીનું વિમોચન

આ ઉત્સવમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ પ્રણીત પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહના પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા અનુવાદિત હરિગીત મથાળા તથા અન્વયાર્થ સાથેની સીડીનું વિમોચન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુ મંડળ માટે ભોજન (સ્વામી વાત્સલ્ય) જન્મોત્સવ આયોજક શ્રી અખિલ ગુજરાત દિગંબર જૈન મુમુક્ષુવૃંદ તથા કાયમી જમણ ૯ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

**સ્થાયી મંડલ વિધાન પૂજા :** આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૯૯ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૧ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મહોત્સવનો લાભ લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કલકત્તા, હૈદરાબાદ, બેંગલોર મદ્રાસ તથા વિદેશોથી ૨૫૦૦થી પણ અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

આ મંગળ અવસર પર સંસ્થાને કુલ ૬,૮૭,૪૭૨=૦૦ દાનરાશિ પ્રાપ્ત થઈ.

| | | |
|---|---|---|
| (૧) | ૯૬ના અંકમાં ૯૬ × ૧૩૮૯ | ૧,૩૩,૩૪૪=૦૦ |
| (૨) | પ્રાસંગિક વિધાન પૂજા ૧૦૦૧ × ૧ | ૧,૦૦૧=૦૦ |
| (૩) | રથયાત્રાની બોલી | ૧,૨૮,૦૦૮=૦૦ |
| (૪) | રૂા. ૧૦૦૦ની વધાઈના ૧૦૦૦ × ૭ | ૭,૦૦૦=૦૦ |
| (૫) | રૂા. ૫૦૦ની વધાઈના ૫૦૦ × ૩૬૨ | ૧,૮૧,૦૦૦=૦૦ |
| (૬) | શ્રી જિનેન્દ્ર આરતી | ૧૨,૨૭૧=૦૦ |
| (૭) | રથયાત્રા, પારણાઝૂલન અને જન્મવધાઈ સ્ટેજ પર | ૮૪,૮૪૮=૦૦ |
| (૮) | અન્ય | ૧,૪૦,૦૦૦=૦૦ |
| | કુલ | ૬,૮૭,૪૭૨=૦૦ |

આ ઉપરાંત મહોત્સવનો પૂરો ખર્ચ આયોજક શ્રી અખિલ મહારાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુવૃંદ દ્વારા આપવામાં આવ્યો હતો. મહોત્સવ ઉજવવાનો આયોજકોનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો.

શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે તેથી રાગ જડમાં છે, પુદ્‌ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં. —કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,**
**ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.**

જાણ્યે—અજાણ્યે જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.

—સંપાદક

## Jain Scholar Mr. Prakash Jain's Lecture tour on jainism in U.S.A.

## Schedule 2009

| S. No. | Date | City | Contact |
|---|---|---|---|
| 1. | Aug 22 - September 03 Fri - Thu | Houston, Texas (Das Laxan Maha Parva Celebration) | Priti B. Sheth 281-499-6894 Suresh Ghelani 281-491-9811 |
| 2. | Sept 04 – 09 Fri - Wed | Washington DC Airport BWI or DCA or IAD | Talak/Ranjana Shah 301-340-8887 |
| 3. | Sept 10–13 Thu - Sun | Tempa, FL | Dr. Siddharth H. Shah 727-931-6141 Dr. Rakesh P. Shah 727-942-8370 |
| 4. | Sept 14 Monday | Leaving for Mumbai India | |

For further information, please contact :

**Hasmukh M. Shah,** President : Jain Swadhyay Mandir Songadh (USA)

304,TallOak Trail, Tarpon Springs, Florida 34688 (USA)

Phone : 727-934-3255 / 727-534-5168 / 813-649-8979

Email : hasmukh33@yahoo.com

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસારનાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

❀ **મંગલ પત્રિકા લેખનવિધિ :**–પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૯૬મા વાર્ષિક જન્મોત્સવની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૨-૭-૦૯ રવિવારના રોજ સુવર્ણપુરી(સોનગઢ)માં વિભિન્ન મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. આ પત્રિકાને વાજતે-ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવાનો લાભ શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ દોશી પરિવારને પ્રાપ્ત થયો હતો.

❀ **જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ :**–'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૧૯-૮-૦૯ બુધવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૧૦૨મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :**–ભાદરવા સુદ ૫, સોમવાર તા. ૨૪-૮-૨૦૦૯થી ભાદરવા સુદ ૧૪, ગુરુવાર, તા. ૩-૯-૨૦૦૯ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એજ રીતે તા. ૨-૯-૨૦૦૯, બુધવારથી તા. ૪-૯-૨૦૦૯, શુક્રવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :**–ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૫-૯-૨૦૦૯ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :

સુરેન્દ્રનગરનિવાસી શ્રી રમણીકલાલ જગજીવનદાસ શાહ (વર્ષ-૮૬) તા. ૧૦-૪-૦૯ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

ગોંડલનિવાસી (હાલ-ભાવનગર-બરોડા) શ્રી મહીપતરાય કાંતિલાલ ગોડા તા. ૮-૫-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી સ્વ. જયંતીલાલ દલીચંદ શેઠ (ઘીવાળા)ના ધર્મપત્ની શ્રીમતી ગુલાબબેન (વર્ષ–૭૯) તા. ૧૪-૬-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી સ્વ. મહેશકુમાર શાંતિલાલ શાહના ધર્મપત્ની હીરાબેન (–તે બ્ર. ભદ્રાબેનના ભાભી) તા. ૨૩-૬-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ખાંભાનિવાસી શ્રી ધીરજલાલ કાંતિલાલ ઘેલાણી (વર્ષ-૭૧) તા. ૨૮-૬-૦૯ના રોડ ટુંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી ઉમેદલાલ ગોકળદાસ શાહ (–તે શ્રી દિલીપભાઈના પિતાશ્રી) તા. ૧-૭-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સિંહણ (જામનગર)નિવાસી (હાલ-સાંતાક્રુઝ) શ્રી વેલજીભાઈ રાયસીભાઈ શાહ (વર્ષ–૮૩) તા. ૧૭-૭-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૬૦ વર્ષોથી નિયમિત સોનગઢ આવીને પૂજ્યશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. તેઓ તત્ત્વ-અભ્યાસી હતા.

અમદાવાદનિવાસી શ્રી હરિવદનભાઈ ચંદ્રકાંત સત્યપંથી (–તે શ્રી પરાગભાઈના પિતાશ્રી) (વર્ષ–૭૩) તા. ૨૭-૭-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (મૂળ રાજકોટ) બ્ર. કુંદનબેન પ્રભુલાલ પારેખ (વર્ષ–૮૭) તા. ૧૩-૭-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને બાળપણથી જ વીતરાગધર્મનો યોગ પ્રાપ્ત થયો હતો. તેમને તત્ત્વનો ઘણો અભ્યાસ તથા રુચિ હતા.

મુંબઈનિવાસી શ્રીમતી કલ્પનાબેન વિપુલભાઈ કાંતિભાઈ મોટાણી (વર્ષ–૪૮) તા. ૯-૮-૦૯, શ્રાવણ વદ-૩ના રોજ કેન્સરની લાંબી માંદગી બાદ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિયમિત દર્શન-પૂજન તેમજ ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં દ્રવ્યસ્વભાવ તો ત્રણે કાળે શુદ્ધ જ છે. આર્ત્ત ને રૌદ્રધ્યાનના ક્રૂર પરિણામો એ બધા પર્યાયમાં છે, તે જ ક્ષણે ત્રિકાળી દ્રવ્ય તો શુદ્ધ જ છે. નિગોદના જીવને મહા રૌદ્રધ્યાનના તીવ્ર મલિન પરિણામ છે પણ તે પર્યાયમાં છે, તેનું દ્રવ્ય તો તે સમયે પણ શુદ્ધ જ છે. સંસારના પરિણામ તે પર્યાયમાં છે. ત્રિકાળી શુદ્ધ ભગવાન છે તે પર્યાયમાં કદી આવતો જ નથી. એવા ત્રિકાળી ભગવાન ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહે છે. ૪૮૯.

● અનંત કાળ પછી જે પર્યાય થશે તેનું જ્ઞાન કેવળજ્ઞાનમાં સીધું થાય છે. આહાહા! વિચારકોને વિચાર ને મંથન કરવાની આ વાત છે. એમ ને એમ માની લે એ કાંઈ ચીજ નથી. જ્ઞાનનો એવો જ કોઈ અચિંત્ય સ્વભાવ છે કે જે પર્યાય થઈ ગઈ ને જે થશે તેને સીધું જાણી લે છે. આ વર્તમાન છે માટે ભવિષ્ય હશે ને વર્તમાન છે માટે ભૂત હતું—એમ નહિ, પણ તેને સીધું જાણી લે છે. આહાહા! ધન્ય ભાગ્ય કે વીતરાગની આવી વાણી મળી! ૪૯૦.

● જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું હસ્તાવલંબ—નિમિત્ત જાણીને ઘણો કર્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. જિનવાણીમાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું ત્યાં નિમિત્તને વળગ્યો; પણ તેનું ફળ સંસાર છે. વસ્તુ પૂર્ણાનંદપ્રભુ છે તેની દૃષ્ટિ કરાવવા તે સત્ય છે. રાગના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી તેથી તે છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી તેમ કહ્યું છે, ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરાવવા તે જ સત્ય છે ને પર્યાય હોવા છતાં તેની દૃષ્ટિ છોડાવવા તેને ગૌણ કરીને નથી તેમ કહ્યું છે. એમ કેમ કહ્યું?—કે વ્યવહારનો પક્ષ તો અજ્ઞાનીઓને અનાદિથી છે તથા પરસ્પર વ્યવહારનો ઉપદેશ પણ કરે છે અને જિનવાણીમાં પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે, પણ એ ત્રણેનું ફળ તો સંસાર છે. જૈન શાસ્ત્રોમાં વ્યવહારનો ઉપદેશ આવ્યો તેનો આશ્રય લઈને વ્યવહાર સ્થાપે—વ્યવહારનો પક્ષ કરે પણ તેનું ફળ સંસાર છે. ૪૯૧.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૦૯
અંક-૧૨ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * 'રોગચાળો' નહિ, પણ વીતરાગતાનું કારણ *

કેટલાક કહે છે કે 'અત્યારે ક્રમબદ્ધપર્યાયનો રોગચાળો ફેલાયો છે.' અરે ભાઈ! આ ક્રમબદ્ધપર્યાયની પ્રતીત તે તો વીતરાગતાનું કારણ છે. જે વીતરાગતાનું કારણ છે તેને તું રોગચાળો કહે છે? ક્રમબદ્ધપર્યાય ન માનો તો કાંઈ વસ્તુ જ રહેતી નથી. ક્રમબદ્ધપર્યાયપણું તે તો વસ્તુનું સ્વરૂપ છે. તેને રોગચાળો કહેવો એ તો મહા વિપરીતતા છે. દ્રવ્ય સમયે સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એવો તેનો ધર્મ છે. ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે જે પર્યાયનો સ્વકાળ છે તે સમયે દ્રવ્ય તે જ પર્યાયને દ્રવે છે—પ્રવહે છે એવો જ વસ્તુસ્વભાવ છે ને પોતાનો જ્ઞાયક સ્વભાવ છે. આવા સ્વભાવને માનવો તે રોગચાળો નથી, પરંતુ આવા વસ્તુસ્વભાવને ન માનતાં ફેરફાર કરવાનું માનવું તે મિથ્યાત્વ છે; ને મિથ્યાત્વ તે જ મોટો રોગચાળો છે. આહાહાહા.....!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org